
# અમરેલી: સાયબર ફ્રોડનો આરોપી કુલદીપ ભુવા ઝડપાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

આ બનાવમાં અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં બનવા પામેલ મ્યુલ એકાઉન્ટ સંબંધી ગુન્હાઓમાં આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય તે અન્વયે અમરેલીમાં સાયબર ફ્રોડના રૂપીયાને અલગ અલગ બેંક ખાતાઓમાં નખાવી અને રોકડા રૂપીયા કરી લઈ અને “મ્યુલ” બેંક એકાઉન્ટના ગુન્હાને અંજામ આપતા એક આરોપીને અમરેલી સીટી પોલીસ ટીમે શોધી કાઢીં ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.



આ બનવાની હકીકત એવી છે કે , અમરેલીના, ચિતલ રોડ ઉપર આવેલ શ્રી રંગ સોસાયટીમાં “યદુનંદન”માં રહેતાં કુલદીપભાઇ રમેશભાઇ ભુવા નામના આરોપીને આરોપીએ પોતાના બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂા.૫,૦૦,૦૦૦ RTGS, NEFT, IMPSથી સાયબર ફ્રોડના પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં મેળવી આ ખાતામાં સાયબર ફ્રોડથી મેળવેલ રૂપીયા સગેવગે કરેલ હોય જે અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪) મુજબ ગુન્હા નોંધાયો હતો.

અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે.વાઘેલા દ્વારા આવા બનાવના ગુન્હાને ગંભીરતાથી લઇ અને અમરેલી સીટી પોલીસ સ્ટેશનની પોલીસ ટીમને આરોપી શોધી કાઢવા સુચના આપેલ અને અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા ટેકનીકલ તથા હ્યુમન સોર્સીસ આધારે આવા ગુન્હામા સંડોવાયેલા અમરેલીના, ચિતલ રોડ ઉપર આવેલ શ્રી રંગ સોસાયટીમાં “યદુનંદન” માં રહેતાં કુલદીપભાઇ રમેશભાઇ ભુવા નામના આરોપીને પકડી પાડી અને કાયદેસરની કાર્યવાહી કરેલ હતી. સાયબર ફ્રોડ હેલ્પલાઈન ૧૯૩૦ ની એક ફરીયાદ ડીટેકટ કરેલ છે.

# કાચા ડાઈવર્ઝનથી અકસ્માતનો ભય

## બાબરાના ધરાઈ- મોટા દેવળીયા રોડ પર એક સાથે ૫ પુલને તોડી નખાયા


બાબરા:

બાબરાના ધરાઈ અને મોટા દેવળીયા ગામને જોડતા મુખ્ય માર્ગ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા આયોજનના અભાવે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડે છે. આ બંને ગામો વચ્ચેના માત્ર ૫ કિલોમીટરના અંતરમાં આવેલા ૫ જૂના અને જર્જરિત પુલ-નાળા તોડીને નવા બનાવવાનું કામ એક સાથે શરૂ કરવામાં આવ્યું છે. જે સ્થાનિકો માટે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યું છે.વાહન ચાલકે જણાવ્યું હતું કે તંત્રએ પાંચેય બ્રિજનું કામ એક સાથે શરૂ કર્યું છે. હાલમાં પાંચેય સ્થળે કામ ચાલુ હોવાથી સમગ્ર રસ્તો બિસ્માર બન્યો છે. બ્રિજના કામ માટે જે ડાઈવર્ઝન બનાવવામાં આવ્યા છે તે કાચા છે. અહીંથી



પસાર થતા વાહનોને કારણે સતત ધૂળની ડમરીઓ ઉડે છે. જેના કારણે વાહન ચાલકો અને સ્થાનિક લોકોને પરેશાની વેઠવી પડે છે. કાચા રસ્તાને લીધે વાહન ચાલકોને રાત્રીના સમયે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.ધરાઈ અને મોટા દેવળીયાના ગ્રામજનો તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આ તમામ પાંચેય કાચા ડાઈવર્ઝન પર મેટલિંગ કામ કરે તેવી માંગણી કરી છે. અહીં ધૂળની સમસ્યા દૂર કરવા અને દુર્ઘટના અટકાવવા જરૂરી પગલાં ભરવા જરૂરી છે.

# વડિયાના નાજાપુરમાં છેલ્લા ૬ માસથી સીસીટીવી કેમેરા બંધ



વડીયા:વડીયાના નાજાપુરમાં જાહેર સુરક્ષા માટે લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા છેલ્લા છ મહિનાથી બંધ હાલતમાં છે. ગ્રામ પંચાયત દ્વારા મુખ્ય માર્ગો તથા મહત્વના સ્થળોએ સુરક્ષા હેતુથી લગાવવામાં આવેલા કેમેરા લાંબા સમયથી કાર્યરત ન હોવાથી ગ્રામજનમાં અસુરક્ષાને પગલે રોષ ફેલાયો છે.નાજાપુરના કૌશિકભાઈ પાનસુરીયાએ જણાવ્યું હતું કે રાત્રીના સમયે ચોરી, અસામાજિક તત્વોની અવરજવર તથા અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે સીસીટીવી કેમેરા અત્યંત જરૂરી છે. પરંતુ જવાબદાર તંત્રની બેદરકારીના કારણે આજદિન સુધી તેની મરામત કે સુધારાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. વારંવાર રજૂઆતો કરવા છતાં પણ ગ્રામ પંચાયત કે સંબંધિત અધિકારીઓ દ્વારા કોઈ અસરકારક કામગીરી કરાય નથી. જેના કારણે લોકોમાં નારાજગી છે. ત્યારે તાત્કાલિક સીસીટીવી કેમેરા શરૂ કરવામાં આવે તેવી લોકોમાં માંગણી ઉઠી છે.

# અમરેલીના હાલરીયામાં સિંહો ગૌશાળા પાસે શિકાર કરવા આવતા ગાયોમાં દોડધામ

અમરેલી:

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના હાલરીયા ગામમાં મોડી રાત્રે બે સિંહો શિકારની શોધમાં ગૌશાળા નજીક આવી પહોંચ્યા હતા. સિંહોને જોઈને ગૌશાળામાં બાંધેલી ગાયો અને અન્ય પશુઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ સમગ્ર ઘટના ગૌશાળામાં લાગેલા ઝઝૂફ કેમેરામાં કેદ થઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના ગોપાલ ગૌશાળા પાસે બની હતી. સિંહો ગૌશાળાના મુખ્ય દરવાજા પાસે લાંબા સમય સુધી ફરતા રહ્યા





હતા. જોકે, દરવાજા બંધ હોવાને કારણે તેઓ અંદર પ્રવેશી શક્યા નહોતા.સિંહો અંદર પ્રવેશી ન શકતા કોઈ જાનહાનિ કે પશુહાનિ થઈ ન હતી. શિકાર ન મળતા બંને સિંહો ગૌશાળા પાસેથી નીકળીને રેવન્યુ વિસ્તાર તરફ રવાના થયા હતા. આ ઝઝૂફ ફૂટેજ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.હાલરીયા ગામ અને આસપાસના વિસ્તારોમાં સિંહોની સતત અવરજવરને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. લોકો રાત્રિના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને સાવચેતી રાખી રહ્યા છે.આ ઘટના અંગે વન વિભાગને જાણ કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને ગ્રામજનોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. ગીર પંથકમાં સિંહોની સંખ્યા વધતા તેઓ હવે વસવાટવાળા વિસ્તારો સુધી પહોંચી રહ્યા છે, જેના કારણે માનવ અને પશુઓની સલામતી અંગે ચિંતા વધી છે.ગ્રામજનોએ વન વિભાગ પાસે યોગ્ય પગલાં લેવા અને રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે.

# રાજુલાના નવા પી.આઈ.નો સપાટો:હોસ્પિટલ ચોક, બસ સ્ટેન્ડ પર ટ્રાફિક ડ્રાઈવ, ૪૦ને દંડ ફટકાર્યો

અમરેલી:રાજુલા પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં પી.આઈ. એ.ડી. ચાવડાની બદલી થતાં તેમની જગ્યાએ નવા પી.આઈ. તરીકે વિજય કોલાદરાની નિમણૂક કરવામાં આવી છે. પી.આઈ. વિજય કોલાદરા અગાઉ પણ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂક્યા હોવાથી તેઓ વિસ્તારની કામગીરીથી પરિચિત છે. ફરી વખત તેમને રાજુલા પોલીસ સ્ટેશનનો ચાર્જ સોંપાતા જ તેઓ એક્શન મોડમાં આવ્યા છે.આજે પી.આઈ. વિજય કોલાદરાના માર્ગદર્શન હેઠળ રાજુલા શહેરના હોસ્પિટલ ચોક તેમજ એસટી બસ સ્ટેન્ડ વિસ્તારમાં સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ડ્રાઈવમાં પી.આઈ. કોલાદરા સાથે પીએસઆઈ ચૌહાણ, રાજુલા



પોલીસ સ્ટેશનનો સમગ્ર સ્ટાફ તેમજ ટ્રાફિક બ્રિગેડના જવાનો જોડાયા હતા. ટ્રાફિક નિયમોના ભંગ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ડ્રાઈવ દરમિયાન કુલ ૪૦ સ્થળ દંડ પાવતી કાપવામાં આવી હતી અને રૂ. ૧૦,૫૦૦ સ્થળ દંડ વસૂલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, એમ.વી. એક્ટ કલમ-૨૦૭ મુજબ કુલ ૦૩ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા.આજની કાર્યવાહી દરમિયાન બ્લેક ફિલ્મ, ટ્રાફિકમાં અડચણરૂપ પાર્કિંગ, ત્રીપલ સવારી, ફેન્સી નંબર પ્લેટ, વધુ પેસેન્જર તેમજ ચાલતી ગાડીએ મોબાઈલ વાપરવા જેવી વિવિધ કલમોમાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.નોંધનીય છે કે છેલ્લા ઘણા દિવસોથી પી.આઈ. કોલાદરાના સૂચનાથી પીએસઆઈ જાની સહિત પોલીસ સ્ટાફ સતત ટ્રાફિક ડ્રાઈવ કરતો રહ્યો છે, પરંતુ આજે પી.આઈ. સહિતનો કાફલો મેદાનમાં ઉતરતા વાહન ચાલકોમાં નિયમ પાલન અંગે જાગૃતિ જોવા મળી હતી.

# ’હવે મારે મરવા સિવાય કોઈ રસ્તો નથી’

## મારી પત્ની બીજા સાથે ભાગી તોપણ મેં સાચવી, હવે છૂટાછેડાના બે લાખ માગે છે; પત્ની-સાસરિયાંના ત્રાસથી યુવકની આત્મહત્યા



ગીર ગઢડા:

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના નવા ઉગલા ગામમાં રહેતા યુવકે પત્ની અને સાસરિયાંના ત્રાસથી આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. યુવકે મરતાં પહેલાં એક વીડિયો બનાવીને સાસરિયાં પર આક્ષેપ કર્યા છે. આ અંગે મૃતકના પિતાએ પણ પુત્રના મોતનું કારણ તેનાં સાસરિયાં હોવાનું જણાવ્યું છે. આ અંગે હાલ પોલીસે એ.ડી. નોંધ કરીને આગળની તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી માહિતી મુજબ ગીર ગઢડા તાલુકાના નવા ઉગલા ગામમાં રહેતા ધનાભાઈ સોંદરવા મોટા પુત્ર ગોપાલના પહેલા લગ્ન ગીર ગઢડા તાલુકાના એક ગામે થયા હતા, જોકે પ્રથમ પત્ની સાથે છૂટાછેડા થઈ ગયા બાદ ગોપાલના બીજા લગ્ન ૧૧ મહિના પહેલાં વિસાવદર તાલુકાના વેકરિયા ગામે રૂપલ નામની યુવતી સાથે થયા હતા.લગ્ન બાદ થોડા સમયમાં જ પતિ-પત્ની વચ્ચે અણબનાવ થતાં રૂપલ તેનાં માતા-પિતાના ઘરે વેકરિયા મુકામે રહેવા ચાલી ગઈ હતી અને પતિ ગોપાલ પર કોર્ટમાં ભરણપોષણનો કેસ કર્યો હતો. એ મામલે ગોપાલને વારંવાર માનસિક હેરાન કરવામાં આવતો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. સતત માનસિક પરેશાન કરવામાં આવતાં કંટાળી ગયેલા ગોપાલે ગઈકાલે રડતાં રડતાં સોશિયલ મીડિયામાં એક વીડિયો બનાવી પોસ્ટ કર્યો હતો.

વીડિયોમાં ગોપાલ કહે છે કે મારાં મા-બાપ, બહેન, ભાઈપ મારથી ભૂલ થઈ હોય તો માફ કરી દેજો, હવે હું આત્મહત્યા કરવા જાઉં છું. આ આત્મહત્યાનું કારણ મારા સસરા, મારી પત્ની, મારો સાળો તેમજ મારો વકીલ છે. છૂટાછેડા કરવાના અત્યારે આ લોકો ૨ લાખ રૂપિયા માગે છે, પણ મારી પાસે અત્યારે એકપણ રૂપિયો નથી. હું બધાથી અલગ રહું છું, અત્યારે મારી પર અત્યાચાર કરે છે અને મારી આત્મહત્યા પાછળ આ લોકો જ જવાબદાર છે.ગોપાલ વધુમાં જણાવે છે કે હું સરકારને વિનંતી કરું છું કે મને ન્યાય આપજો. મારી પત્ની બીજાને લઈને ભાગી ગઈ તોપણ મેં સાચવી અને અત્યારે મારી પર જેમ ફાવે એમ અત્યાચાર કરે છે. ઉપરથી ૨ લાખ રૂપિયા માગે છે. મારી આત્મહત્યા કરવા પાછળનું કારણ મારી પત્ની રૂપલ, મારા સસરા મનસુખભાઈ ઉગાભાઈ પરમાર, મારો એડવોકેટ તેમજ રૂપલની ફઈ શોભા છે.

આટલા શબ્દો બોલીને ગોપાલે અનાજમાં નાખવાના ટીકડા ખાઈ લીધા હતા. એ બાદ તેના પિતા તુલસીશ્યામ મુકામે મજૂરીકામ કરવા ગયેલા હોઈ, તેમને ફોન કરી ગોપાલે માફી માગી હતી અન ટીકડા ખાઈ લીધા હોવાનું જણાવ્યું હતું. પુત્રએ ઝેરી ટીકડા ખાઈ લીધા હોવાની જાણ થતાં જ પિતા તાત્કાલિક ઘરે આવી પહોંચ્યા હતા અને રાત્રિના ઉના સરકારી દવાખાને લાવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ગોપાલને મૃત જાહેર કર્યો હતો.

આ અંગેની જાણ ગીર ગઢડા પોલીસને જાણ કરાતાં પોલીસ હોસ્પિટલે આવી પહોંચી હતી, જ્યાં ગોપાલના પિતાનું નિવેદન નોંધ્યું હતું અને ગીર ગઢડા પોલીસે મૃતકના પિતાને જણાવ્યું કે તમે ગોપાલના ક્રિયાકર્મનું કામ પૂર્ણ કરી પોલીસ સ્ટેશન પર આવજો, પછી ફરિયાદ નોંધીશું. હાલ પરિવારજનોએ તેમના પુત્રનું પી.એમ.થયા બાદ તેમના ગામ નવા ઉગલા લઈ ગયા છે. આ ઘટના બાદ પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

આ અંગે મૃતક ગોપાલના પિતા ધનાભાઈ સોંદરવાએ જણાવ્યું કે મારા દીકરાએ તેની પત્ની અને સસરાના ત્રાસથી આત્મહત્યા કરી છે. આજે અમે પોલીસ ફરિયાદ કરવા જવાના છીએ. મારા દીકરાના મોત પાછળ જે જવાબદાર હોય તેમની સામે પગલાં ભરવામાં આવે એવી અમારી માગ છે.આ બાબતે ગીર ગઢડા પી.આઈ.એન.એ.વાઘેલા સાથે ટેલિફોનિક વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે યુવકની આત્મહત્યા બાબતે રાત્રે એ.ડી. દાખલ કરવામાં આવી છે. હજી કોઇ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. પરિવારજનો ફરિયાદ આપવા આવશે ત્યારે પોલીસ ધોરણસરની ફરિયાદ નોંધી આગળની તપાસ કરશે.

# નાગેશ્રી ગામમાં દીપડો પાંજરે પુરાયો



જાફરાબાદ:જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામના ધુના વિસ્તારમાંથી વન વિભાગે એક દીપડાને પાંજરે પૂર્યો છે. ગ્રામજનો અને સ્થાનિક ખેડૂતોની રજૂઆત બાદ વન વિભાગે આ કાર્યવાહી કરી હતી.છેલ્લા કેટલાક સમયથી નાગેશ્રી ગામમાં દીપડાના આંટાફેરા જોવા મળતા હતા. જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ હતો.દીપડા દ્વારા પશુઓના મારણની ઘટનાઓ પણ સામે આવી હતી.દીપડાની હાજરી અંગે વન વિભાગને જાણ કરવામાં આવી હતી. ગ્રામજનો અને સરપંચ દ્વારા કરાયેલી રજૂઆતને પગલે વન વિભાગની ટીમે ધુના વિસ્તારમાં પાંજરું ગોઠવ્યું હતું.પાંજરું ગોઠવ્યાના ટૂંકા સમયમાં જ દીપડો તેમાં ફસાયો હતો. દીપડો પાંજરે પુરાતા નાગેશ્રી ગામના લોકોએ રાહત અનુભવી હતી.ઉલ્લેખનીય છે કે, જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર વન્ય પ્રાણીઓ રહેણાંક વિસ્તારોમાં આવી ચડતા હોય છે. આવા કિસ્સાઓમાં વન વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે.

# તડ નજીક ટ્રક પાછળ બાઈક ઘૂસતા યુવાનનું મોત

## ભાઈને લેવા જઈ રહેલા ભીંગરણના જગદીશ મકવાણાને અધવચ્ચે કાળ ભરખી ગયો

ઉનાર:ઉના તાલુકાના તડ ગામ નજીક ટ્રક અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં ભીંગરણ ગામના ૨૨ વર્ષીય જગદીશભાઈ પાંચાભાઈ મકવાણાનું નિધન થયું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, જગદીશભાઈ તેમના પિતરાઈ ભાઈને લેવા માટે ભીંગરણથી કેસરિયા ગામ તરફ પોતાની GJ 32-R 7469 નંબરની બાઈક પર જઈ રહ્યા હતા. તેમના પિતરાઈ ભાઈ માછીમારી કરવા બોટમાં ગયા હતા અને રાત્રિના સમયે કેસરિયા પરત ફર્યા હતા.



તડ ગામની માધ્યમિક શાળા પાસે GJ 16 AU 6603 નંબરના ટ્રકની પાછળ તેમની બાઈક ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં જગદીશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેમને ઉના સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી પરિવારમાં શોક છવાઈ ગયો હતો.અકસ્માત સર્જાયા બાદ ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. નવાબંદર પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત કેવી રીતે થયો તે અંગે તપાસ ચાલી રહી છે અને એફ.એસ.એલ.ને પણ જાણ કરવામાં આવી છે.

# લાઠી પોલીસે ગુમ થયેલી બેગ પરત કરી:"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ મૂળ માલિકને સોંપી

અમરેલી:

લાઠી પોલીસ સ્ટેશનની ચાવંડ જનરક્ષક ૧૧૨ ટીમે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલી બેગ તેના મૂળ માલિકને પરત કરી છે. ટીમને પેટ્રોલિંગ દરમિયાન એક કાળા રંગનું બેગ અને તેમાં રહેલા જરૂરી દસ્તાવેજો મળી આવ્યા હતા.મિલકત ગુમ થવાના બનાવોમાં ઝડપથી મિલકત શોધીને મૂળ માલિકને પરત કરવા તથા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમને સાર્થક કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો હેતુ ગુમ થયેલી વસ્તુઓને તેના હકદાર સુધી પહોંચાડવાનો છે.પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. સોનીના માર્ગદર્શન હેઠળ, ચાવંડ જનરક્ષક ૧૧૨ ટીમ દેરડી ગામથી ચાવંડ ગામ વચ્ચે પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન તેમને રોડ પરથી




એક કાળા રંગનું બેગ મળી આવ્યું હતું.બેગમાં રહેલા દસ્તાવેજો અને માનવ સ્રોત (હ્યુમન સોર્સ)ના આધારે, પોલીસે બેગના મૂળ માલિકને શોધી કાઢ્યા હતા. ત્યારબાદ, લાઠી પોલીસ ટીમે મળી આવેલી મિલકત તેના સાચા માલિકને સુપરત કરીને "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ કામગીરીમાં લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. સોની, ચાવંડ જનરક્ષક ૧૧૨ના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ નીલેશભાઈ જી. ડાંગર, પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ આર. મેર અને પાયલોટ મયુરસિંહ એચ. ગોહિલ સામેલ હતા.

# દેલવાડા-જૂનાગઢ મીટરગેજ ટ્રેન બંધ થતાં મુસાફરોનો વિરોધ

## રેલવે વિભાગના નિર્ણયથી લોકોમાં હાલાકી, રોષ વ્યાપ્યો

ઉના:ગીર જંગલ વિસ્તારમાંથી પસાર થતી જૂનાગઢ-દેલવાડા મીટરગેજ હેરિટેજ ટ્રેન ૧૯ જાન્યુઆરીથી બંધ કરવામાં આવી છે. આ ટ્રેન વિસાવદર જંકશન, સાસણ, તાલાલા, જાંબુર, હરમડીયા, જામવાળા, ગીરગઢડા અને ઉના થઈને દેલવાડા પહોંચતી હતી. રાજા રજવાડાના સમયથી ચાલતી આ ટ્રેન બંધ થતાં મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રેલવે વિભાગના આ નિર્ણયના વિરોધમાં આજે સવારે ગીરગઢડા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ, વૃદ્ધો અને બાળકો સહિતના લોકો રેલવે સ્ટેશન પર ઉમટી પડ્યા હતા. તેમણે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સ્ટેશન માસ્ટરને લેખિત રજૂઆત કરી હતી.



મુસાફરોએ જણાવ્યું કે આ ટ્રેન ગરીબ અને આંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આશીર્વાદ સમાન હતી. તે જૂનાગઢ અને વેરાવળ જવા માટે અનુકૂળ પરિવહન પૂરું પાડતી હતી. ગીરગઢડા તાલુકા મથક હોવાથી અને ૪૨ જેટલા ગામોને આવરી લેતું હોવાથી, આ ટ્રેન બંધ થવાથી વિદ્યાર્થીઓ, દર્દીઓ અને અન્ય અનેક લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. ગીરગઢડા રેલવે સ્ટેશન અંગ્રેજોના સમયનું છે અને તેની ઐતિહાસિક મહત્તા પણ છે.

મુસાફરોએ રેલવે વિભાગને તાત્કાલિક આ ટ્રેન સેવા ફરી શરૂ કરવા અને ટ્રેન બંધ કરવાના નિર્ણયને રદ કરવા માંગણી કરી છે.